દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
સોમવાર ૨૩ માર્ચ, ૨૦૨૬

ઈઝરાયેલ હિઝબુલ્લાહનો અંત નહીં કરે તો હંમેશા ખતરાની તલવાર લટકતી રહેશે

હિઝબુલ્લાહ લેબેનોનમાં ઈરાન સમર્થિત શિયા ઇસ્લામિક રાજકીય અને શક્તિશાળી અર્ધલશ્કરી સંગઠન છે. તેની સ્થાપના 1980ના દાયકાની શરૂઆતમાં ઈરાન દ્વારા ઇઝરાયલ વિરુદ્ધ કરવામાં આવી હતી. આ એ સમય હતો જ્યારે લેબેનોનમાં ગૃહયુદ્ધ ચાલુ હતું. આવા સમયે ઇઝરાયલની સેનાએ દક્ષિણ લેબેનોન પર કબજો કરી લીધો. હિઝબુલ્લાહ વર્ષ 1992થી સામાન્ય ચૂંટણીમાં ભાગ લઈ રહ્યું છે. તેણે દેશના રાજકારણમાં પોતાની હાજરીનો અહેસાસ કરાવ્યો છે. સંગઠનની સશસ્ત્ર પાંખે લેબેનોનમાં ઇઝરાયલ અને અમેરિકન દળો પર ઘાતક હુમલા કર્યા છે. ઇરાન સાથેના યુદ્ધ દરમિયાન જેની પર ઇઝરાયેલ વારંવાર હુમલા કરી ચૂક્યું છે તે દક્ષિણ લેબેનોનનું હઝબુલ્લાહ છે શું? આ સંગઠનની રચનાની વાત કરીએ તો હિઝબુલ્લાહ (ભગવાનની પાર્ટી) એ ૧૯૮૨માં લેબનીઝ ગૃહ યુદ્ધ અને ઇઝરાયેલના આક્રમણ દરમિયાન, પશ્ચિમી પ્રભાવ સામે લડવા અને શિયા મુસ્લિમ વસ્તીના રક્ષણ માટે ઇરાનના સમર્થનથી રચાયેલ એક શક્તિશાળી શિયા ઇસ્લામિક રાજકીય અને અર્ધલશ્કરી સંગઠન છે. આ સંગઠન દક્ષિણ લેબનોનમાંથી કામ કરે છે અને ઇઝરાયેલ-વિરોધી વિચારધારા ધરાવે છે. 1982માં લેબનોન પર ઇઝરાયેલના આક્રમણના જવાબમાં, ઇઝરાયેલી સૈન્યને દક્ષિણ લેબનોનમાંથી બહાર કાઢવા માટે આ સંગઠન રચવામાં આવ્યું હતું. 1979ની ઇરાની ઇસ્લામિક ક્રાંતિથી પ્રેરિત થઈને, લેબનોનના શિયા મુસ્લિમ નેતાઓએ ઈરાનની ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ની મદદથી આ સંગઠન બનાવ્યું હતું. શરૂઆતમાં લેબનીઝ ગૃહ યુદ્ધ (1975-1990) દરમિયાન સક્રિય થયું હતું. હિઝબુલ્લાહ આરબ રાષ્ટ્રવાદને સમર્થન આપે છે અને ઇઝરાયેલના અસ્તિત્વને માન્યતા આપતું નથી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય દક્ષિણ લેબનોનમાંથી ઇઝરાયેલી દળોને હાંકી કાઢવા, લેબનોનની શિયા વસ્તીનું રક્ષણ કરવું અને લેબનોનમાં ઇસ્લામિક શાસન સ્થાપિત કરવાનો છે. શનિવારે ઇઝરાયલના કબજા હેઠળના ગોલાન હાઇટ્સ પર રોકેટ હુમલો થયો હતો. જેમાં 12 બાળકો અને કિશોરો મૃત્યુ પામ્યાં છે.ઇઝરાયલનો આરોપ છે કે હુમલો હિઝબુલ્લાહે કર્યો છે. જોકે, હિઝબુલ્લાહે આ આરોપોને નકારી કાઢ્યા છે. ત્યારથી જ બંને પક્ષો વચ્ચે યુદ્ધ શરૂ થવાનો ભય વધી ગયો છે. છેલ્લા નવ મહિનામાં ઇઝરાયલ અને તેની ઉત્તરીય સરહદ પર આ સૌથી ઘાતક હુમલો માનવામાં આવે છે. ગાઝામાં જંગ શરૂ થયા પછી ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે પણ ગોળીબારની ઘણી ઘટનાઓ થઈ છે. જ્યારે 2000માં ઇઝરાયલે લેબેનોનમાંથી પીછેહઠ કરી ત્યારે હિઝબુલ્લાહે પણ તેને બહાર ધકેલવાનું શ્રેય લીધું હતું. ત્યારથી જ હિઝબુલ્લાહ પાસે દક્ષિણ લેબેનોનમાં મિસાઇલો અને હજારો લડવૈયા છે. તે લેબેનોનના વિવાદિત વિસ્તારોમાં ઇઝરાયલની હાજરીને વારંવાર પડકારે છે. તેને પશ્ચિમી દેશો, ઇઝરાયલ, ખાડીના અરબ દેશો અને અરબ લીગ દ્વારા આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું છે. 2006માં હિઝબુલ્લાહ અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધ થયું હતું. આની શરૂઆત હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવેલા ઘાતક સીમા પાર હુમલાથી થઈ હતી. સંગઠનના જોખમને દૂર કરવાના પ્રયાસમાં ઇઝરાયલી સૈનિકોએ દક્ષિણ લેબેનોન પર હુમલાની સાથે જમીન પર હુમલો કર્યો. જોકે, ઇઝરાયલ હિઝબુલ્લાહને ખતમ કરવામાં નિષ્ફળ રહ્યું હતું. આ પછી હિઝબુલ્લાહે તેના લડવૈયાની સંખ્યામાં ખૂબ જ ઝડપથી યુવાનોને ભરતી કરીને દળની ક્ષમતા વધારવાની શરૂઆત કરી હતી. આ સાથે તેણે વધુ સારાં હથિયાર પણ મેળવ્યાં છે. શેખ હસન નસરુલ્લાહ એક શિયા ધર્મગુરુ હતો. તેઓ વર્ષ 1992થી આ સંગઠનનું નેતૃત્વ કરી રહ્યા હતો. તેમણે હિઝબુલ્લાહને એક રાજકીય પક્ષ અને લશ્કરી દળમાં પરિવર્તિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતા. તેમના ઈરાન અને ત્યાંના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈ સાથે નજીકના સંબંધ હતા. 1981માં ઈરાનના પહેલા સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ રુહોલ્લાહ ખુમૈનીએ તેમને લેબેનોનમાં તેમના અંગત પ્રતિનિધિ તરીકે નિયુક્ત કર્યા હતા.જોકે, નસરુલ્લાહ ઘણાં વર્ષોથી જાહેરમાં નથી આવ્યા. તેની પાછળનું કારણ કથિત એ રીતે માનવામાં આવે છે કે તેમને ઇઝરાયલ દ્વારા હત્યાનો ડર લાગે છે. જોકે, તેઓ હિઝબુલ્લાહ માટે ખાસ છે અને દર અઠવાડિયે ટીવી પર ભાષણ આપતા હતા.

હિઝબુલ્લાહ એ વિશ્વનાં સૌથી ભારે સશસ્ત્ર બિન-સરકારી દળોમાંનું એક સૈન્ય છે. ઈરાન તેને ફંડ અને હથિયારો પૂરાં પાડે છે. શેખ હસન નસરુલ્લાહનો દાવો છે કે હિઝબુલ્લાહના એક લાખ લડવૈયા છે. જોકે, સ્વતંત્ર અંદાજ સૂચવે છે કે આ સંખ્યા 20 હજારથી 50 હજારની વચ્ચે છે. તેમાં તમામ લડવૈયા યુદ્ધ લડવામાં પ્રશિક્ષિત અને કુશળ છે. એવા ઘણા છે જેઓ સીરિયાના ગૃહયુદ્ધમાં લડ્યા છે. સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઇન્ટરનેશનલ સ્ટડીઝનો અંદાજ છે કે હિઝબુલ્લાહ પાસે 1.25 લાખથી 2 લાખ રોકેટ અને મિસાઇલો છે. તેમની પાસે મોટા ભાગે અનગાઇડેડ નાના સરફેસ-ટુ-સર્ફેસ રોકેટ હોય છે. આનો અર્થ એ છે કે તે ક્યાં પડશે તે કોઈને ખબર નથી. પરંતુ એવું પણ માનવામાં આવે છે કે તેમની પાસે એન્ટી એરક્રાફ્ટ અને એન્ટી શિપ મિસાઇલ અને ગાઇડેડ મિસાઇલ છે જે ઇઝરાયલની અંદર જઈને મારવામાં સક્ષમ છે. તેમની પાસે ગાઝાપટ્ટીમાં હાજર હમાસ કરતાં વધુ આધુનિક શસ્ત્રો છે.

ગયા વર્ષે 7 ઓક્ટોબરે હમાસના ઇઝરાયલ પરના હુમલાના એક દિવસ પછી 8 ઓક્ટોબરે હિઝબુલ્લાએ પેલેસ્ટિનિયન સંગઠન (હમાસ) સાથે એકતામાં ઇઝરાયલનાં ઠેકાણાં પર ગોળીબાર કર્યો હતો. ત્યારથી હિઝબુલ્લાએ ઉત્તરી ઇઝરાયલ અને ગોલાન હાઇટ્સમાં ઇઝરાયલનાં ઠેકાણાં પર ઘણા રોકેટ હુમલાઓ કર્યા છે. તેણે બખ્તરબંધ વાહનો પર ટેન્ક વિરોધી મિસાઇલો પણ છોડી છે અને લશ્કરી ઠેકાણાં પર વિસ્ફોટક ડ્રોન હુમલા કર્યા હતા. ઇઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એ લેબેનોનમાં હિઝબુલ્લાહની સ્થિતિઓ પર હવાઈ હુમલાઓ અને આર્ટિલરી શેલ વહન કરીને આ હુમલાઓનો જવાબ આપ્યો હતો.તો સંયુક્ત રાષ્ટ્રનું કહેવું છે કે આ હુમલાઓને કારણે લેબેનોનમાં 90 હજાર લોકો તેમનાં ઘર છોડવા મજબૂર થયા છે. ઇઝરાયલી હુમલામાં લગભગ 100 નાગરિકો અને 366 હિઝબુલ્લાહ લડવૈયા મૃત્યુ પામ્યાં હતા.બીજી તરફ ઇઝરાયલના અધિકારીઓનું કહેવું છે કે હિઝબુલ્લાહના હુમલાને કારણે 60 હજાર લોકોને ઘર છોડવું પડ્યું હતું અને 10 નાગરિકો સહિત 33 લોકોનાં મોત થયાં હતા. આ લડાઈ છતાં નિરીક્ષકો કહે છે કે અત્યાર સુધી બંને પક્ષોએ મોટા પાયે યુદ્ધ લડવાનું ટાળ્યું હતુ. પરંતુ એવી ભીતિ છે કે કોઈ જીવલેણ ઘટના પરિસ્થિતિને કાબૂ બહાર કરી શકે છે.

મૌલિક નાટકનો તાજગીભર્યો અવાજઃ વયમેવ તપ્તાઃ

રાજેશ્વરી પટેલે સાતત્યથી સંશોધન, અનુવાદ, નાટ્યલેખન અને નિબંધો લખીને અભ્યાસીઓનું ધ્યાન તો ખેંચ્યું જ છે. સમાન્તરે એમના ગ્રંથો પુરસ્કૃત પણ થયા છે. એમનો પરિચય જાણીતા નાટ્યવિદ્ ડો. મહેશ ચંપકલાલ કહે છે- નવોદિતોમાં નીવડેલા નાટ્યકાર, રાજેશ્વરી પટેલ, તેમનાં બહુસંખ્ય નાટકોમાં ખ્યાત વૃત્તનું નવીન અર્થઘટન તારવી તેને આધુનિક સંવેદન સાથે સાંકળવાની મથામણ સતત કરતાં રહ્યાં છે. જેની પરમ સીમા વયમેવ તપ્તા નાટકમાં જોવા મળે છે. કેમકે, અહીં એક કરતાં વધારે ખ્યાત વૃત્તો ખપમાં લેવાયાં છે. (પૃ. 11) આમ, આ નાટકને પરમ સીમારૂપ ગણાવ્યું છે અને કારણમાં એમણે જે બે વૃત્તાંતોને એક સાથે વણી લઇને નવીન રીતે અર્થઘટન સાથે મૂક્યાં છે અને જણાવ્યું છે. જો કે, નાટ્યને માપવાના માપદંડમાં આ વાત ન બેસે એ અલગ વાત છે. એનો આનંદ પણ છે કે આ માંડણી પછી એમણે નાટકને ઝીણવટથી તપાસીને વિશેષો તારવી આપ્યાં છે.

અક્ષરની આરાધના
સંપાદનઃ નરેશ શુક્લ

બે ખ્યાત એવી કથાઓ- રામાયણ અને ભરથરી- પીંગલાની કથાને આ નાટકમાં પ્રયુક્તિરૂપેય પ્રયોજીને ત્રીજા જ પરિમાણને સિદ્ધ કરવાની મથામણ કરવામાં આવી છે. એ પહેલી જ નજરે ઉભરી આવતો વિશેષ બની રહે છે. સ્ત્રી-પુરુષોના સંબંધ સાવ સહજ હોવા છતાં એની સંકુલતા ભાગ્યે જ ઉકેલી શકાય એવી હોય છે અને એટલે સદીઓથી કવિઓ, લેખકો, નાટ્યકારો માટે એ પ્રથમ રસનો વિષય રહ્યો છે. આ નાટક વિશે રાજેશ્વરી પટેલ પોતાનો ઉદ્દેશ આ રીતે વ્યક્ત કરે છે- ''અસુરરાજ રાવણને પણ ખબર હતી કે આર્ય-પરંપરામાં 'ભિક્ષાન્ન દેહિ...' સ્વર સાંભળતાં ગૃહસ્વામિની યથાશક્તિ મુઠ્ઠી ધાન કે ફળ આપવા જરૂર આવે અને કોઈ પણ સંજોગોમાં પોતાના અતિથિને ખાલી હાથે કે ભૂખ્યા પેટે પાછો જવા ન દે. લોકોને સીતાજીની લક્ષ્મણરેખા ઓળંગવાની ઘટના તો દેખાય છે પણ એણે કઠિન સંજોગોમાં કરેલું આતિથ્ય ધર્મનું પાલન દેખાતું નથી. આ વાત વિચારતાં મનમાં થયું કે રામ અને સીતાના વિવાહ થયાને વર્ષો વીતી ગયાં હતાં. તેર વર્ષ જેટલો સમય તો વનમાં જ થવા આવ્યો હતો. એક નારીસહજ રીતે સીતાનું મન એક બાળકને ઝંખી શકે. રામાયણમાં એવું કશું નથી પણ એક નારીનું મન વિવાહનાં આટલાં વર્ષો પછી માતૃત્વની કામના કરે એ સહજ છે. કદાચ સુંદર મૃગમાં સીતાની આંખો એક સુકોમળ બાળકને જોતી હશે અને રામ પણ સીતાના આ મનોભાવને સમજતા હશે, એટલે જ મૃગને લેવા ગયા હશે. આવો વિચાર મેં આ નાટકમાં હરણપ્રસંગમાં ઢાળ્યો છે.''(પૃ.6)

નાટકમાં બહુ જ જરૂરી છે સમસ્યાની ગૂંથણી. આ નાટકમાં નાયિકા કૌશિકી અને નાયક વિક્રમ છે. ત્રીજો સાયલન્ટ ખૂણો છે ભાર્ગવ, મુખ્ય સળી કરનાર પાત્ર નંદિની છે. એમાં સહાયક રૂપ ધારીને આવે છે ગુરુમાતા મૃણાલિની અને એવા જ લોકકલાના આરાધક ભાવસંગબાપુ. જે કંઈ સર્જાયું છે એ માનવચિત્તની દોલાયમાન સ્થિતિ છે. કૌશિકીનું લગ્ન નક્કી છે વિક્રમ સાથે, એ બંને પણ મનોમન એકબીજાને પ્રેમ કરે છે. પણ નંદિનીને પણ વિક્રમ ગમે છે. સમસ્યા અહીં છે. એ વિક્રમ અને કૌશિકી વચ્ચે જો તિરાડ પડે તો જ પોતાનો સ્વાર્થ સાધી શકે એમ હોવાથી એ મંથરાકર્મ કરતી રહે છે. દરેક ઘટતી ઘટના વખતે એ તક ઝડપીને કૌશિકી તથા વિક્રમ વચ્ચે શંકા જન્મે તેવા પ્રયત્ન કરતી રહે છે. એ આખી વાત નાટ્યની શરતે અને સિચ્યુએશનને આધારે સરસ રીતે મૂકવામાં આવી છે. ભાર્ગવનો પક્ષ ક્યાંય પ્રગટતો નથી. કથાનક ખ્યાત હોવાથી એની રજૂઆતમાં સ્વાભાવિક જ બહુ ગયા નથી. ખપ પૂરતાં બિંદુઓને સભાન રીતે સ્પર્શીને ધારી દિશામાં ગયા છે એ સંકલનકલા ધ્યાન ખેંચનારી છે. જો કે, બીજી કથામાં એ સવિશેષ કથન દ્વારા જ કહેવું પડે એવી સ્થિતિ સર્જાઈ છે ત્યાં નાટ્યકાર માટે જગ્યા હતી - એમ લાગ્યા વિના રહેતું નથી.



ભાવસંગબાપુ આ ગઢમાં રહેતાં તરુણ-યુવા એવા છોકરા છોકરીઓને નવરાત્રીને નિમિત્ત બનાવી વેશ ભજવવા માટે તૈયાર કરે છે. એમાં રામાયણ અને છેલ્લે દિવસે ભરથરીનો વેશ ભજવવાનો છે. આ તૈયારી નિમિત્તે બંને કથાઓ અને ત્રીજી વર્તમાનની પ્રેમ કથા અને શંકાનો પ્રવાહ ગૂંથાતો જાય છે. નાટકમાં યોજેલી આ નાટ્યની પ્રયુક્તિનો ઉપયોગ સશક્ત રીતે કરવામાં આવ્યો હોવાથી નાટક ખરેખર રસપ્રદ બનતું જાય છે. પરિમાણોની રીતે એકદમ સડસડાટ સમસ્યાનું આકલન અને ઉકેલ ઉપર જ કેન્દ્રિત થઈને લક્ષ્યગામી બન્યું છે. એમાં બીજી શક્યતાઓ રહી નથી. ગુરુમાતા જે રીતે વારાફરતી બંનેના મનને તત્ક્ષણ સમજી લે છે એ લેખિકાની ઉતાવળ સૂચવાય છે પણ એ પછી એ નાટ્યગતિ સચવાઈ ગઈ હોવાથી ખટકતું નથી. સ્ત્રી-પુરુષના સંબંધમાં જેટલું પ્રેમ અને વિશ્વાસનું મહત્ત્વ છે એટલું જ હાજર હોય છે શંકાનું તત્ત્વ પણ. એકબીજા પરનો અધિકારભાવ કદાચ આવું કરવા પ્રેરતો હશે- એનો ઉકેલ ગુરુમાતા ભર્તૃહરિ જેવા શૃંગારશતક રચનારાં તેજસ્વી રાજવીનું મન કેવા કારણે સન્યાસ તરફ વળે છે એની કથા કહે છે- રામાયણમાં જે ભિક્ષાનો જાણીતો પ્રસંગ છે એનું પરિમાણ આ ભર્તૃહરિની કથામાં પીંગળા પાસે ભિક્ષા માંગવા જવાના પરિમાણથી ભિન્ન કઈ રીતે છે એનું નિરૂપણ આ નાટકને સમૃદ્ધ બનાવે છે.

સમાન્તરે નારી ચિત્તની ત્રણ ચાર મુદ્રાઓ પણ ઉપસે છે. એક તો કૌશિકી, બીજી સીતા અને ત્રીજી પીંગળા- આ બધાને એકસૂત્રમાં પરોવનારી ગુરુમા મૃણાલિની. પ્રેમ, ગૃહસ્થાશ્રમ, ચિત્તની રમણાઓ અને એના ઉકેલમાં પકડાતી દિશાથી જન્મતાં પરિણામો- અહીં નાટ્યરૂપ ધરીને આવ્યાં છે. જો કે હું નથી માનતો કે નાટ્યલેખકની શક્તિની આ પરિસીમા હોય. ટૂંકી વાર્તા જેવી ગતિ ધરાવતું આ નાટક વધારે સંકુલ અને વધારે ઘૂંટીને પણ આવી શક્યું હોત. ભવિષ્યમાં આવશે. ભર્તૃહરિનાં વિવિધ શતકોમાંથી લીધેલાં મુક્તકો, શ્લોકો અને ભારતીય મીમાંસાનો એમણે કરેલો રચનાત્મક ઉપયોગ પ્રમાણમાં સારી રીતે ખપમાં લેવાયો હોવાથી વિદ્યાર્થીઓનેય ઉપયોગી થાય એવો બન્યો છે. જો કે, વ્યાપક સામાજિક માટે કેટલીક વિગતો ઉપયોગી થશે ખરી? એ મને પ્રશ્ન જરૂર છે.

આ નાટક ભજવનાર માટેની સાવ ઓછી સૂચનાઓ, મંચ સૂચનો અને કેટલીક પ્રયુક્તિઓ આ નાટકને મંચનક્ષમ બનાવનારી છે. મંચની સ્પેસને ધ્યાને રાખીને કરવામાં આવેલું આ લેખન લેખિકાનો અનુભવ પ્રગટાવે છે. સાથોસાથ એમણે કરેલાં વિશ્વનાટકોનું સેવન પણ ઉપયોગી બન્યું હોવાની ખાતરી થાય છે.

(વયમેવ તપ્તાઃ, નાટક, લે. રાજેશ્વરી પટેલ, પ્ર.આ. 2024, પ્રકા. લજ્જા પબ્લિકેશન, બીજો માળ, સુપર માર્કેટ, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર-388120,જિ. આણંદ, કુલ પૃ. 88 કિં. 260.00, પાકું પૂંઠું, ડેમી)

વિવિધ વિષય પરના માહિતીપ્રદ લેખો

દુર્ગેશ ઉપાધ્યાયનું નામ સજાગ વાચક જાણે છે. દીર્ઘ કાળથી પત્રકાર, લેખક, સંપાદક, કવિ, તસવીરકાર, રેડિયો, નાટ્યકાર એમ બહુવિધ આયામો સાથે સંકળાયેલા રહ્યા છે. 21થી વધારે ગ્રંથો પ્રકાશિત છે. વિવિધ સંસ્થાઓના એવોર્ડ એમને મળ્યા છે. વિવિધ વર્તમાનપત્રોમાં કટારલેખન કરતા રહ્યા છે. સ્વાભાવિક જ એ નાતે પણ અનેક વિષયો, અનેક વિચારો સાથે એ સંકળાયેલા રહ્યા છે. આ પુસ્તકમાં લેખો છે એ મોટા ભાગે વૈવિધ્યસભર વિષયોમાં ગયા છે. સ્વાભાવિક જ વિવિધ કળાઓ, વિવિધ સાંસ્કૃતિક બાબતો, કેટલુંક ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવ્યું છે. એ પોતે આ ગ્રંથ વિશે લખે છે- લોકસાહિત્ય, લોકકલા વિષયક અભ્યાસ અને સંશોધન મારા રસનો વિષય રહ્યા છે. ઉપરાંત પત્રકારજીવ હોવાના કારણે વિવિધ વિષયની ઊંડી જિજ્ઞાસા કાયમ રહી છે. જે માટે એટલી મહેનત પણ કરી છે. વિવિધ ક્ષેત્રોમાં જાતે ફરીને માહિતી એકત્ર કરતો રહ્યો છું. તેમાંથી મારા સાહિત્યનું સર્જન થતું રહ્યું છે. (પ્રસ્તાવના)

કુલ 23 લેખો સમાવાયા છે. સ્વાભાવિક જ આ કોઈ સંશોધનગ્રંથ નથી, મોટા ભાગે વર્તમાનપત્રોમાં લખાયેલા લેખો છે એટલે જાહેર વાચકોની રુચિને પોષનારાં, રસપ્રદ રીતે મહત્ત્વની માહિતી આપતા આ લેખો સ્વાભાવિક જ રસપ્રદ બન્યા છે. જેમ કે, પહેલો જ લેખ છે - શ્રીજીની વિશિષ્ટ પ્રતિમાઓ અને તેનો ઇતિહાસ. આ નાનકડા લેખમાં ગણપતિજીની મૂર્તિઓ ક્યારથી અને ક્યાંથી પ્રાપ્ત થઈ છે, એનો ઇતિહાસ કેવો રહ્યો છે તેની વાત કર્યા પછી શ્રીજીની મૂર્તિઓની અંગભંગિઓનું વૈવિધ્ય, એ અંગેની માન્યતાઓ, મહારાષ્ટ્રમાં વિવિધ સ્થળો અને એમાં અષ્ટવિનાયક- વિશે સરસ માહિતી મળે છે. બહુ ઓછી જાણીતી વિગતો આ લેખને વધારે સમૃદ્ધ બનાવે છે. જુઓ, એક અંશ- ગુજરાતમાં એકમાત્ર ભારતમાં પણ અન્યત્ર નહીં હોય એવી પાર્વતીજીને સ્તનપાન કરતા ગણેશજીની મૂર્તિ દાહોદ તાલુકાના મોરખલા ગામના શિવમંદિરમાં ભગ્ન હાલતમાં છે. આ મૂર્તિમાં ગણેશજી માતાને સૂંઢથી સ્તનપાન કરતા જણાય છે. જે લગભગ 11મા સૈકાની છે. આ ઉપરાન્ત પંચમહાલના લાવણા ગામ નજીક કલેશ્વરી પરિસરમાં પણ સ્તનપાન કરતા ગણેશજી જોવા મળે છે. (પૃ.8)



લેખકનો રસ વ્યાપક છે, ટપાલ ટિકિટનો ઇતિહાસ, દુનિયામાં રહેલ જાતભાતનાં સંગ્રહાલયોનું વૈવિધ્ય, ચાનો ઇતિહાસ, દેશ-વિદેશના વિવિધ વહેમો, કચ્છના ભૂંગાઓ- જેવા વિષયો પર એમની કલમ ચાલતી રહી છે. ક્યારેક કળાઓનાં ક્ષેત્રમાં કામ કરતાં વિદ્યાર્થીઓનેય સંશોધન માટે પ્રેરે એવા વિષયો અહીં મળી આવે. જેમ કે, મંદિરોમાં રક્ષક દેવોનું મહત્ત્વ- એમાં જઈને લેખકે ખાસ્સી મથામણ કરીને ગુજરાતનાં વિવિધ મંદિરોમાં રક્ષક દેવોનું વૈવિધ્ય, એની જરૂરિયાત, એની પરંપરાઓનો પરિચય સરસ રીતે કરાવ્યો છે. જો કે, આ સંશોધન લેખ ન હોવાથી એમાં બહુ ઊંડાણ સ્વાભાવિક જ નથી, પણ એ વિષય તરફ ધ્યાન ખેંચીને રસ લેતાં જરૂર કરે છે. સાથે એ વિષયમાં થયેલા ગ્રંથોના સંદર્ભ આપતા હોવાથી લેખોનું નોખું મૂલ્ય ઊભું થાય છે.

બાવકાના ભોગાસનનાં શિલ્પો, કાયાવરોહણનાં શિલ્પો, કામસૂત્રના રચયિતા વાત્સ્યાયનનો સમય અને જન્મસ્થાન શોધવાના જે પ્રયત્નો થયા છે એના પર આધારિત લેખ જેવા લેખો પ્રમાણમાં વધારે સમૃદ્ધ થયા છે, નોખા અને રસપ્રદ વિષય હોવાથી સ્વાભાવિક જ ધ્યાન ખેંચનારા છે. એ જ રીતે ઘણા લેખો નૃત્ય અને લોકનૃત્યકલા પર આધારિત છે. એમાં વિવિધ પ્રાદેશિક લોકનૃત્યોનો સરસ પરિચય મળે છે. સીદી ધમાલ વિશે લખે છે- સૌરાષ્ટ્રમાં વસતી આફ્રિકન પ્રજા સીદીનું ધમાલનૃત્ય જાણીતું છે. તલાલા ગીર પાસે જંબુર ગામે સીદીઓની 300થી વધુ વર્ષ જૂની વસાહત છે. જાતે મુસલમાન, પીર-પયગમ્બરમાં માને, પણ હિંદુઓ સાથેના લાંબા વસવાટથી હિંદુઓની રહેણીકરણી અને સંસ્કૃતિની છાંટ તેમનામાં પણ હવે આવી ગઈ છે. હિન્દુ દેવ-દેવીઓને પણ માને છે. આ પ્રજાને અગાઉ અંગ્રેજો પોતાની સાથે પોતાના (ઓર્ડરલી) સેવકો તરીકે લાવેલા એમ મનાય છે. ત્યારથી આ પ્રજા ગુજરાતમાં વસી ગઈ અને એમની વસતી વધતાં આખી વસાહત ઊભી થઈ.(પૃ.68)

વડોદરાનો ઇતિહાસ અને વર્તમાન સ્થળોને સાથે મૂકીને જોતો લેખ ખાસ જોવા જેવો છે. પ્રાચીન કાળથી લઈને આજના સમય સુધીમાં આવેલાં વિવિધ નામો, બદલાવો અને એના વર્તમાન રૂપમાં કેટલું ટક્યું છે એની આખી વાત સરસ શૈલીએ કહેવાઈ હોવાથી મજા પડી. એ જ રીતે બંગડીઓ બનાવનારાઓનો ઇતિહાસ, એની આજની હાલત દર્શાવતો લેખ પણ રસપ્રદ છે. બધા લેખો વિશે વાત કરવી શક્ય નથી પણ ગુજરાતના પૂર્વપટ્ટે આવેલા આદિવાસી વિસ્તારોનાં નૃત્યોનો પરિચય કરાવતા લેખો, રાજસ્થાની નૃત્યનો પરિચય આપતો લેખ આ ગ્રંથના વિશેષોમાં ગણી શકાય. એકંદરે રસિક શૈલીએ લખાયેલા આ લેખો વાચનરસની સાથે વિવિધ ક્ષેત્રોના વિષયોમાં લઈ જઈને જ્ઞાનમાં વધારો કરનારા નીવડે એવા છે. આનંદ સાથે આ ગ્રંથને આવકારું છું.

(વિવિધા(વિવિધ વિષય પરના માહિતીપ્રદ લેખો)દુર્ગેશ ઉપાધ્યાય, પ્ર.આ. 2025, પ્રકા. અવનિકા પ્રકાશન, 419।એ, સર્વોદય કોમર્શિયલ સેન્ટર, ચોથે માળ, જી.પી.ઓ. પાસે, અમદાવાદ-380001, કુલ પૃ. 104, કિં. 175, કાચું પૂંઠું, ડેમી)

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

શાળાઓને ટાર્ગેટ કરતી સાયબર ધમકીઓ: સમાજ માટે ગંભીર ચેતવણી

આજના ડિજિટલ યુગમાં યુદ્ધ માત્ર સરહદ પર જ લડાતું નથી, પરંતુ સાયબર જગતમાં પણ અનેક પ્રકારની માનસિક લડાઈ ચાલી રહી છે. દેશની શાળાઓ, કોર્ટ અને એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈ-મેઈલ માત્ર કોઈ મજાક કે ટીખળ નથી, પરંતુ સમાજમાં ભય ફેલાવવાનો એક ખતરનાક પ્રયાસ છે. આવા સંદેશાઓનો મુખ્ય હેતુ લોકોમાં, ખાસ કરીને બાળકોમાં, ડર અને અસુરક્ષાની લાગણી ઊભી કરવી છે. દેશ સામે ચાલતા આવા "લો કોસ્ટ સાયબર વોર"માં ખોટા ઈ-મેઈલ, ફેક ધમકીઓ અને પ્રોપેગેન્ડા દ્વારા સમાજને માનસિક રીતે નબળું પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. તેથી આપણે સૌએ સમજવું જોઈએ કે આવા સંદેશાઓનો ઉદ્દેશ માત્ર અફવા અને ભય ફેલાવવાનો છે. સાવચેતી રાખવી જરૂરી છે, પરંતુ ગભરાવું નહીં તે પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે. આપણી ફરજ છે કે કોઈ પણ શંકાસ્પદ ઈ-મેઈલ, મેસેજ અથવા અફવા મળે તો તેને તરત જ સંબંધિત અધિકારીઓ અથવા સાયબર ક્રાઈમ વિભાગને જાણ કરીએ. સોશ્યલ મીડિયા પર અપ્રમાણિત માહિતી ફેલાવવી ટાળવી જોઈએ, કારણ કે તે અજાણતા રીતે દુશ્મન તત્ત્વોના હેતુને સફળ બનાવે છે. બાળકો અને યુવાનોને પણ સાયબર સુરક્ષા અંગે જાગૃત બનાવવાની જરૂર છે. તેમને સમજાવવું જોઈએ કે ઈન્ટરનેટ પર મળતી દરેક માહિતી સાચી હોય જ એવું જરૂરી નથી. શાંતિ, સાવચેતી અને જાગૃતિ દ્વારા જ આવા માનસિક યુદ્ધ સામે મજબૂત રીતે ઊભા રહી શકાય છે. દેશની સુરક્ષા માત્ર સરકાર અથવા સુરક્ષા એજન્સીઓની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની સંયુક્ત જવાબદારી છે.

પરવટ ગામ, સુરત - આશિષ ટેલર

ઈચ્છામૃત્યુની મંજૂરીનો સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણય

મૂળ યુપીના ગાઝિયાબાદનો વતની પણ દિલ્હીમાં જન્મેલા હરીશ રાણા, ચંદીગઢની પંજાબ યુનિવર્સિટીમાંથી બીટેકમાં અભ્યાસ કરી રહ્યો હતો. 2013માં હોસ્ટેલના ચોથા માળેથી પડી જતાં થયેલી ઈજાને કારણે આખા શરીરમાં લકવો થઈ જતાં કોમામાં જતો રહ્યો. છેલ્લાં તેર વર્ષથી આ અસામાન્ય સ્થિતિ હોવાથી તેના માતા-પિતાએ તેનું ઈચ્છામૃત્યુ માંગ્યું હતું. આપણા દેશમાં 2005માં 'કોમન કોઝ' નામની એક બિનસરકારી સંસ્થાએ નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ અધિકારની માંગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી. જેના પર નવમી માર્ચ 2018ના રોજ તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાની આગેવાની હેઠળ છ જજોની બેન્ચે ઈચ્છામૃત્યુને કાયદેસરની માન્યતા આપતાં જણાવ્યું હતું કે જે કોઈ દર્દી અસાધ્ય રોગથી પીડાતો હોય અથવા માત્ર લાઈફ સપોર્ટ સિસ્ટમ પર જીવતો હોય તો કુદરતી રીતે મૃત્યુ મેળવવા માટે તેની સારવાર બંધ કરી શકાય. તેને ઈચ્છામૃત્યુ નહીં પરંતુ સન્માન સાથેનું મૃત્યુ પામવાનો અધિકાર માનવામાં આવે છે. આ નિર્ણયને આધારે સુપ્રીમ કોર્ટે હરીશને ઈચ્છામૃત્યુની મંજૂરી આપી છે. આ જજમેન્ટને પગલે હવે દેશમાં મેડિકલના આધાર પર જો કોઈ દર્દી સારો થઈ શકતો ન હોય તો તે ઈચ્છામૃત્યુની મંજૂરી મેળવવા શક્તિમાન બન્યો છે.

વ્યારા - પ્રકાશ સી. શાહ

અમારી લીલા અને તમારી ભવાઈ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પશ્ચિમ બંગાળની મુલાકાતે ગયાં ત્યારે બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી એમને રિસીવ કરવા ના ગયાં એ બાબતે ખાસ્સો વિવાદ ઊભો થયો. મમતા બેનર્જીએ બચાવ કરતાં કહ્યું કે મા